# Official Spokesperson's response to a query about an OIC statement on the unfortunate incident in the Indian State of Assam

October 08, 2021

# ભારતના આસામ રાજ્યમાં બનેલી કમનસીબ ઘટના અંગે ઓઆઈસીના નિવેદન અંગેની પૃચ્છા પર સત્તાવાર પ્રવક્તાનો જવાબ

ઓક્ટોબર 08, 2021

**ભારતના આસામ રાજ્યમાં બનેલી કમનસીબ ઘટના અંગે ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (ઓઆઈસી)ના નિવેદન અંગેની મીડિયાની પૃચ્છા પર જવાબ આપતા સત્તાવાર પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ જણાવ્યું :**

ભારત અત્યંત ખેદ સાથે એ બાબતની નોંધ કરે છે કે ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (OIC) એ ફરી એકવાર ભારતના આસામ રાજ્યમાં થયેલી દુર્ભાગ્યપૂર્ણ ઘટના પર હકીકતની દૃષ્ટિએ ખોટું અને ભ્રામક નિવેદન બહાર પાડીને ભારતની આંતરિક બાબતો પર ટિપ્પણી કરી છે. ભારતીય સત્તાવાળાઓએ આ અંગે જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી છે. અમે એ બાબતનો પૂનરોચ્ચાર કરીએ છીએ કે ભારતની આંતરિક બાબતને લગતા મામલે ઓઆઈસીને ટિપ્પણી કરવાનો કોઈ અધિકાર નથી. તેણે સ્થાપિત હિતોને પોતાના મંચનો ઉપયોગ કરવા દેવું ન જોઈએ. ભારત સરકાર આવા તમામ બિનજરૂરી નિવેદનો નકારી કાઢે છે અને ભવિષ્યમાં આવી કોઈ ટિપ્પણી કરવામાં નહીં આવે તેવી આશા રાખે છે.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 08, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.